ગાંધીનગર સમાચાર

# રેડિયન્ટ સ્કૂલ દ્વારા ભૂલકાં માટે પિકનિક



સરગાસણના ટીપી-૯ વિસ્તાર સ્થિત રેડિયન્ય સ્કૂલ ઓફ સાયન્સના પૂર્વ પ્રાથમિક વિભાગનાં ભૂલકાઓ માટે શાળા મેનેજમેન્ટ દ્વારા ઈન્દ્રોડા નેચર પાર્ક ખાતે પિકનીકનું આયોજન કરવામાં આવ્યું હતું. જુનિયર કેજી, સિનીયર કેજીના બંને માધ્યમના વિદ્યાર્થીઓ અને શિક્ષકો આ પિકનીકમાં જોડાયા હતા. બાળકોને વિવિધ પ્રકારનાં પશુ-પક્ષી, જીવજંતુઓ દર્શાવી શિક્ષકોએ વિદ્યાર્થીઓને પ્રત્યક્ષ જ્ઞાન દ્વારા વિવિધ જીવોની ઓળખ કરાવી હતી અને વર્ગખંડથી દૂર, નૈસર્ગિક સુંદર વાતાવરણમાં વિદ્યાર્થીઓને રમતો રમાડી આનંદ પણ પ્રદાન કર્યો હતો. આ સફળ અને ઉપયોગી પિકનીક બદલ તમામ બાળકો, શિક્ષકોને શાળાના મેનેજિંગ ડિરેક્ટર કમ પ્રિન્સિપાલ જી ટી શનિયારા અને કેમ્પસ ડિરેક્ટર કમ પ્રિન્સિપાલ જે બી વામજાએ બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.



શ્રી જયપ્રકાશ વિદ્યાલયમાં વાલી મીટીંગનુ આયોજન કરવામાં આવ્યું હતું. શાળા સંચાલક દક્ષાબેન સુથારે હાજર રહીને વાલીઓને માર્ગદર્શન પૂરુ પાડ્યું હતું. બાળકોના શિક્ષણ, શિસ્ત, અભ્યાસ વિષે શાળાના આચાર્ય અરૂણભાઈ પટેલે વિશદ માહિતી પૂરી પાડી હતી. નવા સત્રમાં બાળકો માટે ઉભી કરવામાં આવનાર સગવડોની ચર્ચા કરવામાં આવી તથા વાલીઓના પ્રશ્નો અંગે હકારાત્મક વલણની ખાતરી આપવામાં આવી હતી.

લાલભાઈ પટેલ અને અન્ય શિક્ષકોએ સમગ્ર વ્યવસ્થાનુ સુંદર આયોજન કર્યુ હતું. સુનિલભાઈ ગોસ્વમીએ ઉત્સાહથી સંચાલન કર્યું હતું. વાલીઓ મોટી સંખ્યામાં હાજર રહીને સમગ્ર કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## ડાયરેક્ટ ❤ સે

મતલબના અને
ગરજના સંબંધો
કોલસા જેવા હોય છે
જ્યારે ગરમ હોય
ત્યારે દઝાડે છે
અને ઠંડા હોય
ત્યારે
હાથ કાળા કરે છે

## જન્મદિને વધામણી



રૂદ્ર મીતેષ મોદી
મો. ૮૪૦૧૮ ૬૩૨૨૯

જન્મદિનો વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# જીઆઈપીએસમાં ‘ગ્રેન્ડ પેરેન્સ ડે’




ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લીક સ્કૂલમાં પ્રી-પ્રાયમરીનાં બાળકો દ્વારા ગ્રેન્ડ પેરેન્સ ડેની ઊજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ભૂલકાઓનાં દાદા-દાદી તથા નાના-નાની ઉપસ્થિત શાળામાં ઉપસ્થિત રહ્યાં હતાં. ભુલકાઓ દ્વારા દાદા-દાદી માટેના એક્શન સોંગ તથા બાળકોમાં દાદા-દાદીનું કેટલું મહત્વ રહેલું છે તે બાબતે નાટક પણ ભજવવામાં આવ્યું હતું. શાળાના ડાયરેક્ટર તથા પ્રિન્સિપલ દ્વારા પ્રસંગોચિત ઉદ્‌બોધન કરવામાં આવ્યું હતું.

# મૅજિક હૅટ પ્રિસ્કૂલ દ્વારા ઈમોશનલ ઈન્ટેલિજન્સ




ગાંધીનગર, તા. ૩૦

મેજિક હેટ પ્રિસ્કૂલ દ્વારા સ્ટાફ ટ્રેનિંગ કોલેજ ખાતે એક વિશિષ્ટ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

મેડિટેરીયન સાયન્સનો ઉપયોગ કરીને વ્યક્તિના જીવનને સમગ્રપણે બદલી નાખવાનો પ્રયોગ આ કાર્યક્રમ અંતર્ગત હાથ ધરવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં ભાગ લેનારા પ્રેક્ષકો પોતાની લાગણીઓ અને વિચારસરણીને વિજ્ઞાનના માધ્યમથી બદલવાનું શીખ્યા હતા.

આ ઉપરાંત બાળકો માટે ‘ઈમોશનલ ઈન્ટેલિજન્સ’ નામે નવા જ પ્રકારના ઉપક્રમનું આયોજન આ કાર્યક્રમ હેઠળ કરવામાં આવ્યું હતું.

# આજે તમામ સરકારી બેંકો ખુલ્લી રહેશે

ગાંધીનગર, તા. ૩૦

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ કહ્યું છે કે સરકારી લેવડદેવડ કરતી તમામ બેંકો આ રવિવારે એટલે કે ૩૧મી માર્ચે ખુલ્લી રહેશે. રિઝર્વ બેંકે આ અંગે તમામ બેંકોને નિર્દેશ જારી કર્યા છે. ચાલુ નાણાકીય વર્ષનો અંતિમ દિવસ ૩૧ માર્ચ છે અને એ દિવસે રવિવાર આવે છે. એટલા માટે લેવડદેવડ કરતી તમામ સરકારી બેંકોની શાખાઓને ખુલ્લી રાખવાનો આદેશ આપવામાં આવ્યો છે.

# ઐક્યની ઝંખના

ખેડાનું પ્રકરણ ચાલતું હતું તે વખતે યુરોપનું મહાયુદ્દ પણ ચાલતું જ હતું. તેને અંગે વાઈસરોયે દિલ્હીમાં આગેવાનોને નોતર્યા હતા. તેમાં હાજર રહેવાનો મને આગ્રહ કર્યો હતો. લોર્ડ ચેમ્સફર્ડની સાથે મારો મૈત્રીનો સંબંધ હતો એ હું જણાવી ગયો છું.

મેં આમંત્રણ કબૂલ રાખ્યું ને હું દિલ્હી ગયો. પણ આ સભામાં ભાગ લેવામાં મને એક સંકોચ તો હતો જ. મુખ્ય કારણ તો એ કે તેમાં અલીભાઈઓ, લોકમાન્ય અને બીજા નેતાઓને નોતરવામાં આવ્યા નહોતા. તે વેળા અલીભાઈઓ જેલમાં હતા. તેમને હું એકબે વાર જ મળ્યો હતો. તેમને વિષે ઘણું સાંભળ્યું હતું. તેમની સેવાવૃતિ અને તેમની બહાદુરીની સ્તુતિ સહુ કરતા હતા. હકીમસાહેબના પ્રસંગમાં પણ હું નહોતો આવ્યો. તેમનાં વખાણ સ્વ. આચાર્ય રુદ્ર અને દીનબંધુ એન્ડ્રુઝને મોઢેથી બહુ સાંભળ્યાં હતાં. કલકત્તાની મુસ્લિમ લીગની બેઠક વખતે શ્વેબ કુરેશી અને બારિસ્ટર ખ્વાજાની મુલાકાત કરી હતી. દા. અનસારી તથા દા. અબદુર રહેમાનની સાથે પણ સંબંધ બંધાઈ ચૂક્યો હતો. સારા મુસલમાનોની સોબત હું શોધતો હતો, ને જે પવિત્ર અને દેશભક્ત ગણાય તેમના સંબંધમાં આવી તેમની લાગણી જાણવાની મને તીવ્ર ઈચ્છા હતી. તેથી મને તેઓ તેમના સમાજમાં જ્યાં લઈ જાય ત્યાં કંઈ ખેંચતાણ કરાવ્યા વિના જતો.




હિંદુમુસલમાન વચ્ચે ખરી મિત્રાચારી નથી એ તો હું દક્ષિણ આફ્રિકામાં જ સમજી ગયો હતો. બંને વચ્ચેની ખટાશ મટે તેવો એક પણ ઉપાય હું ત્યાં જતો ન કરતો. ખોટી ખુશામત કરી કે સ્વત્વ ગુમાવી તેમને કે કોઈને રીઝવવા એ મારા સ્વભાવમાં નહોતું. પણ ત્યાંથી જ હું સમજતો આવ્યો હતો કે, મારી અહિંસાની કસોટી ને તેનો વિશાળ પ્રયોગ આ ઐક્યને અંગે થવાનાં છે. હજુ પણ મારો એ અભિપ્રાય કાયમ છે. મારી કસોટી ઈશ્વર પ્રતિક્ષણ કરી રહેલ છે. મારો પ્રયોગ ચાલુ જ છે.

આવા વિચારો લઈને હું મુંબઈ બંદરે ઊતર્યો હ્તો, એટલે મને મજકૂર ભાઈઓનો મેળાપ ગમ્યો. અમારો સ્નેહ વધતો ગયો. અમારી ઓળખાણ થયા પછી તુરત અલીભાઈઓને તો સરકારે જીવતા દફન કર્યા હતા. મૌલાના મહમદાલીને રજા મળતી ત્યારે એ મને લાંબા કાગળ બેતુલ જેલથી કે છિંદવાડાથી લખતા. તેમને મળવા જવાની મેં સરકાર પાસે માગણી કરેલી તે ન મળી શકી.

અલીભાઈઓને જપ્ત કર્યા પછી કલકત્તા મુસ્લિમ લીગની સભામાં મને મુસલમાન ભાઈઓ લઈ ગયા હતા. ત્યાં મને બોલવાનું કહેલું. હું બોલ્યો. અલીભાઈઓને છોડાવવાનો મુસલમાનોનો ધર્મ સમજાવ્યો.

આ પછી તેઓ મને અલીગઢ કોલેજમાં પણ લઈ ગયા હતા. ત્યાં મેં દેશને સારુ ફકીરી લેવા મુસલમાનોને નોતર્યા.

અલીભાઈઓને છોડાવવાને સારુ મેં સરકારની સાથે પત્રવ્યવહાર ચલાવ્યો. તેને અંગે એ ભાઈઓની ખિલાફત વિષેની પ્રવૃત્તિનો અભ્યાસ કર્યો. મુસલમાનો જોડે ચર્ચા કરી. મને લાગ્યું કે, જો હું મુસલમાનોનો સાચો મિત્ર થવા માગું તો મારે અલીભાઈઓને છોડાવવામાં ને ખિલાફતનો પ્રશ્ન ન્યાયપુરઃસર ઉકેલાય તેમાં પૂરી મદદ દેવી જોઈએ. ખિલાફતનો પ્રશ્ન મારે સારુ સહેલો હતો. તેના સ્વતંત્ર ગુણદોષ મારે જોવાપણું નહોતું. મુસલમાનોની તેને વિષેની માગણી જો નીતિ વિરુદ્દ ન હોય તો મારે મદદ દેવી જોઈએ એમ મને લાગ્યું. ધર્મના પ્રશ્નમાં શ્રદ્દા સર્વોપરી હોય છે. સૌની શ્રદ્દા એક જ વસ્તુને વિષે એકસરખી હોય તો જગતમાં એક જ ધર્મ હોય. ખિલાફત વિષેની માગણી મને નીતિ વિરુદ્ધ ન જણાઈ, એટલું જ નએઁ પણ, એ ક માગણીનો સ્વીકાર બ્રિટિશ પ્રધાન લૉઈડ જ્યૉર્જે કર્યો હતો, એટલે મારે તો તેમના વચનનું પાલન કરાવવા પૂરતો જ પ્રયત્ન કરવાનું રહ્યું હતું. વચન એવા સ્પષ્ટ શબ્દોમાં હતું કે મર્યાદિત ગુણદોષ તપાસવાનું કામ કેવળ મારા અંતરાત્માને પ્રસન્ન કરવા ખાતર કરવાનું હતું. ખિલાફતના પ્રશ્નમાં મેં મુસલમાનોને સાથ દીધો તે વિષે મિત્રોએ અને ટીકાકારોએ મને ઠીક ઠીક ટીકાઓ સંભળાવી છે. એ બધાનો વિચાર કરતાં છતાં, જે અભિપ્રાયો મેં બાંધ્યા ને જે મદદ દીધી એવડાવી તેને વિષે મને પશ્ચાતાપ નથી, તેમાં મારે કશું સુધારવાપણું નથી. આજે પણ એવો પ્રશ્ન ઊઠે તો મારી વર્તણૂક એવા જ પ્રકારને હોય એમ મને ભાસે છે. (ક્રમશઃ)

- ‘સત્યના પ્રયોગો’માંથી સાભાર

## શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી ખાતે ગુજકોસ્ટના સહયોગથી

# ‘સોલાર ફોટો વોલ્ટેઈકસિસ્ટમ : ડિઝાઈન એન્ડ ઈન્સ્ટોલેશન’ વિષયે વર્કશૉપ યોજાયો





ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર-માણસા હાઈવે પર સ્થિત બાપુ ગુજરાત નોલેજ વિલેજ કેમ્પસની સંસ્થા શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજીમાં ગુજકોસ્ટના સહયોગથી ‘સોલાર ફોટો વોલ્ટેઈકસિસ્ટમ : ડિઝાઈન એન્ડ ઈન્સ્ટોલેશન’ વિષયે ત્રણ દિવસીય વર્કશૉપ યોજાયો હતો.

ઍનર્જીના કુદરતી સ્રોતને રિસોર્સ તરીકે રૂપાંતર કરવાના હેતુથી યોજાયેલા આ વર્કશૉપમાં ઈલેક્ટ્રીકલ બ્રાન્ચના ૩૦ વિદ્યાર્થીઓએ ભાગ લઈ સોલાર ઍનર્જી સોર્સને રિસોર્સમાં કેવી રીતે રૂપાંતર કરવો અને સોલાર ઍનર્જીનું મહત્ત્વ શું છે તથા સોલાર પીવી સિસ્ટમ, સોલાર રૂફ ટોપ સિસ્ટમ, હાલમાં કાર્યરત સોલાર પ્રોજેક્ટ વગેરેની માહિતી વક્તવ્ય, પ્રશ્નોત્તરી, ફિલ્ડ વિઝીટ વગેરેના માધ્યમથી મેળવી હતી.

વર્કશૉપના પ્રથમ દિવસે પીડીપીયુ, ગાંધીનગરના ડૉ. જતિન પટેલ, ડૉ. પંકજ યાદવ અને સંસ્થાના ઈલેક્ટ્રીક ડિપાર્ટમેન્ટના વડા પ્રૉ. કિનલ પટેલ દ્વારા સોલાર ઍનર્જી, સોલાર રેડિએશન અને જીઓમેટ્રી ફન્ડામેન્ટલ ઓફ પીવી સિસ્ટમ વિષયે વક્તવ્ય અને પ્રશ્નોત્તરી યોજવામાં આવી હતી.

વર્કશૉપના બીજા દિવસે રૂફટોપ ઈન્ટોલેશન અને સોલાર પાવર ઈન્ટિગ્રેશન ઈન ગ્રીડ વિષયે ઈનલેક સોલ્યુશનના ચિરાગ ચૌહાણે વિદ્યાર્થીઓને સોલાર રૂફટોપની સ્થાપના કરવાની ઝીણવટભરી માહિતી આપી હતી. ત્યારબાદ વિદ્યાર્થીઓ માટે આઈએમડબલ્યુ સોલાર પાવર પ્લાન્ટ, પીડીપીયુની મુલાકાત ગોઠવવામાં આવી હતી.

વર્કશૉપના ત્રીજા અને અંતિમ દિવસે નેટ મિટરીંગ અને ગ્રોસ મિટરીંગ સોલાર પ્રોજેક્ટ્સ વિષયે ચર્ચા અને પ્રશ્નોત્તરી દ્વારા જીએસઈસીએલનાં એક્ઝિ. એન્જિનીયર બેલા જાની અને જીઈઆરસીના એસ આર પાન્ડેએ સોલાર ઍનર્જીની વિગતવાર માહિતી આપી હતી.

સંસ્થાના ટ્રસ્ટી મહેન્દ્રસિંહ વાઘેલા, ભરતસિંહ વાઘેલા, સંસ્થાના ડિરેક્ટર પ્રૉ. રવિકુમાર, ઍન્જિનીયરિંગ પ્રિન્સિપાલ ડૉ. કિંજલ અધ્વર્યુએ વર્કશૉપની સફળતા માટે અભિનંદન પાઠવ્યા હતા. સમગ્ર વર્કશૉપનું સંચાલન અને આયોજન પ્રૉ. કિનલ પટેલ, પ્રૉ. જયદીપસિંહ ચૌહાણ અને ઈલેક્ટ્રીક ડિપાર્ટમેન્ટના સમગ્ર સ્ટાફે સફળતાપૂર્વક કર્યું હતું.

# આણંદ કૃષિ કૉલેજના પૂર્વ વિદ્યાર્થીઓનું સ્નેહમિલન





ગાંધીનગર, તા. ૩૦

વર્ષ ૧૯૭૨-૭૬ દરમ્યાન ખેતીવાડી કોલેજ (બંસીલાલ અમૃતલાલ કૃષિ મહાવિદ્યાલય) આણંદ ખાતે બી. એસ. સી. (એગ્રી)નો અભ્યાસ કરી ૧૯૭૬માં સ્નાતક થયેલ વિદ્યાર્થીઓનો ૪૩ વર્ષ પછી પ્રથમ સ્નેહ મિલન કાર્યક્રમ રવિવારે દાંતીવાડા કૃષિ યુનીવર્સીટીના બીજ મસાલા સંશોધન કેન્દ્ર જગુદણ ખાતે યોજવામાં આવ્યો હતો જેમાં આ વર્ષના કુલ ૧૫૬ ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓ માંથી ૬૫ જેટલા વિદ્યાર્થી / સભ્યો આ પ્રસંગે કુટુંબ સાથે ઉપસ્થિત રહ્યા હતા.

આ સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન મહેસાણા સ્થિત સભ્યો ડૉ. જી. એન. પટેલ, એસ.પી.પટેલ, ડૉ. આર. એમ. પટેલ, એમ. આર. પટેલ, એમ. બી. પટેલ, જી. એમ. પટેલ અને કે. એમ. પટેલ દ્વારા અસરકારક રીતે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે તે સમયના ગુરુજનો ડૉ. આઈ. ડી. પટેલ, ડૉ. બી. ટી. પટેલ અને પ્રો. ચેલાભાઈ એલ. પટેલે ઉપસ્થિત રહી આશીર્વચન પાઠવ્યા હતા.

આ બેચના ઈતિહાસ અંગેની ટૂંકમાં માહિતી ડૉ. જી. એન. પટેલે આપી હતી. આ કાર્યક્રમમાં પુલવામાના શહીદો તથા આ બેચના સ્વર્ગસ્થ સભ્યો/કુટુંબીજનોને શ્રદ્ધાંજલી આપવામાં આવી હતી. ત્યારબાદ દરેક હાજર રહેલ સભ્યએ પોતાની કારકીર્દી અને તે સમયના સંસ્મરણો રજુ કર્યા હતાં. આ પ્રસંગે અંબાલાલ એમ પટેલ, અવની સીડ્સ અમદાવાદ (ભોજન દાતા) અને વિનુભાઈ પંચાલ, રોનક સીડ્સ (ભેટ દાતા) દ્વારા કાર્યક્રમમાં સહયોગ આપવામાં આવ્યો હતો. ડૉ. એન. એમ. પટેલે આભારવિધિ કરી હતી.